# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-08-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## ઓનલાઇન ગેમિંગ ખરડો પસાર

લોકસભામાં ગઇકાલે ઓનલાઈન ગેમિંગ પ્રોત્સાહન અને નિયમન ખરડો 2025 પસાર થયો. આ ખરડો ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ રમતોને પ્રોત્સાહન આપે છે જ્યારે હાનિકારક ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ પર પ્રતિબંધ મૂકે છે. તેમાં આ ક્ષેત્રના સંકલિત નીતિ સમર્થન, વ્યૂહાત્મક વિકાસ અને નિયમનકારી દેખરેખ માટે ઓનલાઈન ગેમિંગ સત્તામંડળની નિમણૂક કરવાની જોગવાઈ છે. આ ખરડાનો હેતુ યુવાનો અને સંવેદનશીલ લોકોને આવી રમતોના પ્રતિકૂળ પ્રભાવથી બચાવવાનો છે.

ખરડો રજૂ કરતી વખતે, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું ઓનલાઈન મની ગેમિંગને કારણે છેલ્લા 31 મહિનામાં 32 આત્મહત્યાના કિસ્સા નોંધાયા છે. તેમણે કહ્યું કે સરકાર ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમ્સ ક્ષેત્રને પ્રોત્સાહન આપે છે.

-------------------------------------------------------------------------------------

## એડિબલ ઓઇલ અમલીકરણમાં રાજ્ય અગ્રણી

નૅશનલ મિશન ઑન ઍડિબલ ઑઈલ-ઑઈલ પામના અમલીકરણમાં ગુજરાત અગ્રણી રાજ્ય બન્યું છે. કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, ઑઈલ પામની ખેતીને પ્રોત્સાહન આપવા NMEO—OP હેઠળ રાજ્યના 18 જિલ્લાનો સમાવેશ કરાયો છે. રાજ્યના 150 ખેડૂતો ઑઈલ પામનું વાવેતર કરીને સમૃદ્ધિ મેળવી છે. તેમજ વિવિધ ઘટક હેઠળ રાજ્યના ખેડૂતોને અત્યાર સુધીમાં કુલ એક કરોડ 12 લાખ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે.

જ્યારે મેગા ઓઈલ પામ પ્લાન્ટેશન ડ્રાઇવ હેઠળ આ વર્ષે 235 હેક્ટરમાં નવું વાવેતર થયું છે અને આ વર્ષના અંત સુધીમાં કુલ એક હજાર હેક્ટર વિસ્તારમાં નવું વાવેતર થવાનો અંદાજ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

---

## PM - ઉપરાષ્ટ્રપતિ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર, સી. પી. રાધાકૃષ્ણન એક ઉત્કૃષ્ટ ઉપરાષ્ટ્રપતિ બનશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ જણાવ્યુ કે તેઓ મંત્રીઓ, પક્ષના સાથીદારો અને NDA નેતાઓ સાથે શ્રી રાધાકૃષ્ણન જ્યારે આ પદ માટે ઉમેદવારી નોંધાવી રહ્યા હતા ત્યારે તેમની સાથે હતા.

---

## CM – આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ 2025

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સહકારી મંડળીઓ અને સ્વસહાય જૂથ દ્વારા બનાવેલી ચીજવસ્તુઓ ખરીદી ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા અનુરોધ કર્યો.

ગાંધીનગરમાં “આંતર-રાષ્ટ્રીય સહકાર વર્ષ 2025” હેઠળ યોજાયેલા “સહકારથી સમૃદ્ધિ” કાર્યક્રમમાં શ્રી પટેલે નવી સહકાર નીતિ-2025ને સહકાર અને સ્વદેશી સાથેના દ્રઢ સંકલ્પનું પ્રતિબિંબ ગણાવી. આ નવી નીતિથી દેશને આત્મનિર્ભર બનાવવાના પ્રવાસમાં ગુજરાતને અગ્રેસર રાખવાનો વિશ્વાસ પણ શ્રી પટેલે વ્યક્ત કર્યો.

દરમિયાન તેમણે રાજ્ય સહિત દેશના સહકારી માળખામાં થયેલા વિકાસ અંગે સૌને માહિતી આપી.

---

## ભુજ – કોમ્યુનિટી રેડિયો જાગૃતિ કાર્યશાળા

જિલ્લા મથક ભુજ ખાતે બે દિવસના કમ્યુનિટી રેડિઓ જાગૃતિ કાર્યશાળાનો પ્રારંભ થયો હતો. તેમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના સહભાગીઓ જોડાયા છે. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉક્ટર કે. કે. નિરાલા ગેસ્ટ ઑફ ઑનર તરીકે ઉપસ્થિત રહ્યા.

શ્રી નિરાલાએ વિકાસ કાર્ય સંબંધિત માહિતી, આરોગ્ય, શિક્ષણ, ચૂંટણી વગેરે જેવી સરકારી યોજનાઓ અંગે જાગૃતિ લાવવા કમ્યુનિટી રેડિઓ સ્ટેશનનો કેવી રીતે ઉપયોગ કરવો તેના પર ભાર મૂક્યો  હતો.

---------------------------------------------------------------------------------------

## જિલ્લાભરમાં વરસાદ

જિલ્લાભરમાં જન્માષ્ટમીથી લાંબા વિરામ બાદ શરૂ થયેલો વરસાદનો દોર સતત ચોથા દિવસે જારી રહ્યો હતો. ગઇકાલે રાપરને બાદ કરતાં નવ તાલુકામાં સામાન્ય ઝાપટાંથી લઇ બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જિલ્લા કંટ્રોલ રૂમ પાસેથી મળતી માહિતી મુજબ ગઇકાલે સવારના છ વાગ્યાથી આજે સવારના છ વાગ્યા સુધી છેલ્લા 25 કલાક દરમિયાન લખપત તાલુકામાં 54 મિ.મિ., અબડાસા તાલુકામાં 36, ગાંધીધામ તાલુકામાં 31, અંજાર તાલુકામાં 29, ભુજ અને ભચાઉ તાલુકામાં 18, નખત્રાણા તાલુકામાં 10, માંડવી તાલુકામાં 4 અને મુન્દ્રા તાલુકામાં 2 મિનિ મિટર જેટલો વરસાદ પડ્યો હતો.

જિલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન મોટાભાગના વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી યથાવત્ રાખી છે. ભારે વરસાદની સાથે પવન ફુંકાવાની ચેતવણીને ધ્યાને લઇ કંડલા-મુંદરા સહિતનાં બંદરો પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું છે. વરસાદી માહોલ જામતાં મુંદરાનો કારાઘોઘા અને નખત્રાણાનો નિરોણા ડેમ ફરી છલકાયા હતા.

---------------------------------------------------------------------------------------

## હવામાન વિભાગ દ્વારા આગાહી

હવામાન વિભાગે 25 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. આજરોજ દેવભૂમિદ્વારકા જિલ્લામાં અત્યંત ભારે અને કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, જામનગર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અતિભારે વરસાદની સંભાવના છે. દરમિયાન 24 તારીખ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે તેમજ સમગ્ર દરિયાકાંઠે ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

---